# શહેરમાં લારીઓમાંથી ઉડતો વઘાર બિમારી નોંતરશે

## વઘારમાંથી ઉડતી રજકણ આંખ અને શ્વાસમાં જતા નુકસાન પેદા કરે છે



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં ખાણી-પીણી બજારો જોરશોરથી ધમધમી રહ્યા છે. સેક્ટર-૨૧ માર્કેટ, સેક્ટર-૨૪ માર્કેટ, સેક્ટર-૧૧માં ખાણી-પીણીની લારીઓ ધમધમી રહી છે ત્યારે નોનવેજ હોય કે વેજ ખાદ્યસામગ્રીની બનાવટ દરમિયાન ઉડતા વઘારના કારણે આસપાસના નાગરિકો તથા વાહનચાલકોને આંખમાં સીધો વઘાર પડવાથી મુશ્કેલીઓ થઈ રહી છે. વઘાર સીધો આંખમાં જવાથી આંખને નુકસાન પહોંચે છે. ગાંધીનગરમાં નોનવેજની લારીઓ પાસેથી પસાર થતા વાહનચાલકોને દુર્ગંધ અને વઘારનો સીધો મારો સહન કરવો પડી રહ્યો છે. શહેરમાં ખાણી-પીણીવાળા વેપારીઓને યોગ્ય વ્યવસ્થા કરીને લારીઓની રચના એ રીતે બનાવવી જોઈએ કે વઘાર કરતી વખતે તે આસપાસના વ્યક્તિને સીધો આંખમાં ન પડે. હાલમાં વાતાવરણમાં હવાનું જોર વધી રહ્યું છે. શહેરમાં પવન ફૂંકાઈ રહ્યો છે. પવનના કારણે આવી સમસ્યાઓ વધી રહી છે. વાહનચાલકોને આંખમાં વઘાર પડતા આંખો અંજાઈ જાય તેવી સ્થિતિ સર્જાય છે. આ રીતે ઉડતા વઘારના કારણે આંખોની ગંભીર બિમારીઓ થાય છે, તેથી વેપારીઓએ યોગ્ય રીતે વ્યવસ્થા કરવી અનિવાર્ય રહેશે.

ગૃહિણીઓ ઘરે કોઈ પણ ખાદ્ય સામગ્રીઓ બનાવે છે ત્યારે આસપાસના નાગરિકોને પણ વઘારની સુગંધ મળી જાય છે. પરંતુ ગેસની ચીમનીની વ્યવસ્થા હોવાથી વઘાર સીધો અંદર જાય છે અને કોઈને નુકસાન થતું હોતુ નથી. જ્યારે આ માર્ગોના ફુટપાટ પર લારીઓમાં ઉડતી વઘાર આંખમાં પડી રહી છે અને આંખ અને શ્વાસની બિમારીઓ થવાની દહેશત વર્તાય છે જેથી વેપારીઓએ યોગ્ય વ્યવસ્થા પ્રજાહીતમાં કરવી જોઈએ.



આતંકવાદ વિરોધી દિન નિમિત્તે હોમગાર્ડ ફોર્સના યુવાનોને નવ નિયુકિત આપવામાં આવી હતી. નવનિયુકત હોમગાર્ડ જવાનોને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા શપથ લેવડાવવામાં આવ્યા હતા.

# જિલ્લામાં છાપેલ કિંમત કરતા વધુ કિંમત લેતાં વેપારીઓ સામે કડક પગલા લેવાનો આદેશ

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લામાં દૂધનું વેચાણ કરતા જે વેપારીઓ છાપેલી કિંમત કરતા વધુ રૂપિયા લેતાં હોય તેવા વેપારીઓ સામે કડક હાથે પગલા લેવા માટે જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીને ખાસ સૂચના આપી છે.

આજરોજ ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ અને જિલ્લા તકેદારી સમિતિની બેઠક ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં કાનૂનની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીને જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં કેટલાક દૂધનું વિતરણ કરતા વેપારીઓ દ્વારા દૂધના પાઉચ ઉપર લેખલી વેચાણ કિંમત કરતા વધુ કિંમત અલગ – અલગ કારણ આપીને ગ્રાહક પાસેથી લેવામાં આવે છે. તેમજ કેટલાય વેપારીઓ દ્વારા ગ્રાહકો પાસે વજન ચોરી પણ કરવામાં આવતી હોય છે. આ પ્રકારની પ્રવૃત્તિ કરતા વેપારીઓ- ફેરિયાઓ અને સંબંધિતો સામે કડક હાથે પગલા ભરવામાં આવે.

ગાંધીનગર જિલ્લાના નાગરિકો પોતાની ફરિયાદ aclm-ahd@gujarat.gov.in અથવા મદદનીશ નિયંત્રકશ્રી, કાનુની માપવિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા તોલમાપ ભવન, પાણીની ટાંકી સામે, સારંગપુર, અમદાવાદ-૩૮૦૦૦૨ ખાતે કરી શકે છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અને તમામ તાલુકાના મામલતદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીઝલનું ડબલુ ટેન્કરમાં નાંખવાની ના પાડતા ડ્રાઈવરને શખ્સે માર માર્યો

ગાંધીનગર, તા.૨૧

વાવોલ દેવ ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમાં આશાપુરા વોટર સપ્લાયર્સ ખાતે ટ્રેકટર ચાલકને આ ડીઝલ તમારા ટ્રેકટરમાં નાંખી દો, પરંતુ ડ્રાઈવરે અજાણ્યા વ્યકિતનું ડીઝલ ટ્રેકટરમાં નાંખવાની ના પાડતા શખ્સ અચાનક ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી ટ્રેકટરના ડ્રાઈવરને માર મારી બાજુમાં પડેલો લોખંડનો સળીયો ડાબા પગે મારતા ઈજા પહોંચી હતી. બનાવ અંગે ટ્રેકટર ચાલકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ પાટણના અને હાલ સેકટર-૧૧ પ્રેસીડેન્ટ કોમ્પલેક્ષના પાંચમા માળે રહેતા દશરથજી ભુપતજી ઠાકોર વાવોલ ખાતે આશાપુરા વોટર સપ્લાયર્સ ખાતે ડ્રાઈવર તરીકે છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે. દશરથજીની પત્ની ૧૦ વર્ષ અગાઉ મરણ ગયેલ છે.જયારે તેમના સંતાનો વતન ખાતે રહે છે.સવારે સાત વાગે આવી દશરથજી પાણીના ફેરા મારવા લાગ્યા હતા. જયારે સાડા અગીયાર વાગે મિત્ર રાહુલ પટેલ સાથે ડીઝલ અંગે વાતચીત કરી રહ્યા હતા. તે સમયે ચુઠક ડ્રાઈવર જગદીશ રાવળ (રહે.વાવોલ કુબેરનગર) બીજા કોઈનું ડીઝલનું ડબલુ લઈ આવ્યો હતો અને કહ્યું કે આ ડીઝલ તમારા ટેન્કરમાં નાંખી દો. જેથી અજાણ્યા વ્યકિતનું ડીઝલ પાણીના ટેન્કરમાં નાંખવાની ના પાડતા જગદીશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા.ટેન્કર ચાલકને ગાળો બોલી માર મારવા લાગ્યા હતા. જયારે જગદીશે બાજુમાં પડેલો સળીયો ડાબા પગે મારી ગાળો બોલી ભાગી ગયો હતો. ટેન્કર ચાલકને ઈજા થતા શેઠને બોલાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવ્યા હતા. જયાં ડોકટર દ્વારા સારવાર કરી ડાબા પગે ફેકચર હોવાનું નિદાન થયું હતું. જેથી બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### તેર બટુકોને યજ્ઞોપવિત ધારણ કર્યા

# ડભોડા ગામે ખાનપુર તપોધન બ્રાહ્મણ બાવીશી સમાજનો અગિયારમો સમુહ લગ્ન યોજાયો



ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે સુપ્રસિદ્ધ ડભોડિયા હનુમાનજીના સાનિધ્યમાં ખાનપુર તપોધન બ્રાહ્મણ બાવીશી સમાજનો અગિયારમો સમુહલગ્ન તથા યત્રોપવિત યોજાયો. જેમાં સમુહલગ્નમાં સાત નવદંપત્તિ તથા તેર બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાવી આ પ્રસંગમાં સમાજના આગેવાનો તથા તમામ હોદેદારોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

# સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસની ઉજવાયો





ગુજરાત સાયન્સ સિટી ખાતે તા.૨૧મી મેના રોજ આંતરરાષ્ટ્રીય બાયોડાયવર્સિટી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યુવા વિજ્ઞાની કાર્યક્રમ - યુવિકાના રાજસ્થાન, લદાખ, જમ્મુ કશ્મીર, દિલ્લી, પંજાબ જેવા વિવિધ રાજયોના ૩૦ જેટલાં વિદ્યાર્થીઓ સાયન્સ સિટી ખાતે આ ઉજવણીમાં જોડાયાં હતા.

આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસની આ વર્ષની થીમ 'બધા જીવો માટે સમાન ભવિષ્યનું નિર્માણ' છે. વિદ્યાર્થીઓને વર્તમાન પર્યાવરણીય પ્રશ્નોથી જાગૃત કરવા અને જૈવ વિવિધતા વિશે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રાખી આ પ્રશ્નોના નિરાકરણ માટે પ્રોત્સાહિત કરવા ગુજરાત સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસની ઉજવણી કરવામાં આવી. ઉજવણી અંતર્ગત યોજાયેલ સેશનમાં વિદ્યાર્થીઓને જૈવ વિવિધતા શું છે ! અને આદતોમાં નાના ફેરફારોથી આ જૈવવિવિધતા ને કેવી રીતે સાચવી શકાય તે વિષે જાણકારી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ આ અંતર્ગત પ્રતિજ્ઞા પણ લીધી. આ ઉજવણી દરમિયાન વિદ્યાર્થીઓએ રોબોટિક્સ ગેલેરી, અકવેટિક ગેલેરી, અને લાઈફ સાયન્સ પાર્કની મુલાકાત લઈ વિવિધ જીવો અને વનસ્પતિઓ વિશે જાણકારી મેળવી. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી જનસમુદાયમાં વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે કટિબદ્ધ છે. આત્મનિર્ભર ભારતની દિશાને વેગ આપવા વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેક્નોલોજી થકી દેશના સામુચિક વિકાસમાં યોગદાન માટે પ્રોત્સાહિત કરવા વિવિધ કાર્યક્રમોનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. જ્ઞાન - વિજ્ઞાનના વિવિધ વિષયો માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા તા.૫મે થી તા.૫મી જૂન ૨૦૨૨ દરમિયાન સાયન્સ સિટી ખાતે સમર સાયન્સ પ્રોગ્રામ ૨૦૨૨ ચાલી રહ્યો છે જેમાં વિવિધ વિષયો પર વર્કશોપ યોજાઈ રહ્યા છે.

# ચોખાની ચોરી કરીને ચોર ભાગ્યા પરંતુ અકસ્માત થયો : એકનું ઘટના સ્થળે જ મોત

## ચોરી કરી મુદ્દામાલ છુપાવી આરોપીઓ ફરાર થતાં હતા તે સમયે આરોપીઓની રીક્ષાને અકસ્માત નડ્યો હતો

અમદાવાદ, તા.૨૧

શહેરમાં તાજેતરમાં ચોરીનો એક એવો બનાવ બન્યો કે જ્યાં ચોરી કરી મુદ્દામાલ છુપાવી આરોપીઓ ફરાર થતાં હતા. તે સમયે આરોપીઓની રીક્ષાને અકસ્માત નડ્યો હતો. જેમાં એક આરોપીનું મૃત્યુ નિપજ્યું હતું. જયારે અન્ય બે ફરાર થયેલા આરોપીની પોલીસે ધરપકડ કરી ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જો કે બનાવ દરિયાપુર વિસ્તારમાં આવેલ લાટ બજારની એક દુકાનમાંથી ચોખા ભરેલ બોરાની ચોરીનો બન્યો હતો.

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલા ચોખા બજારમાંથી ગત સપ્તાહે ૧૩ કટ્ટા ચોખાની ચોરીનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. જે ગુનાની તપાસ કરતા દરિયાપુર પોલીસે મોહમ્મદ અમિદ સૈયદ અને અલ્તાફ સૈયદની ધરપકડ કરી ચોરીના ચોખા કબજે કર્યા છે. ચોરીના ગુનામાં ઝડપાયેલા આરોપીની સાથે મોહમ્મદ બિસ્મિલ્લાહ અકબરની સંડોવણી સામે આવી હતી. પરંતુ ચોરી કર્યાના કલાકો બાદ જ આરોપીની રિક્ષાને એક અકસ્માત નડ્યો હતો. જેમાં બિસ્મિલ્લાનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસ તપાસમાં એ વાત પણ સામે આવ્યું કે ગુના માટે વપરાયેલી રીક્ષા પણ ચોરીની હતી.

ચોખા ચોરીની તપાસ કરતા પોલીસને એક સીસીટીવી મળી આવ્યા છે. જે રીક્ષામાં ચોરી કરવામાં આવી હતી. રિકશા અંગે તપાસ કરતાં હકીકત સામે આવી કે, ગુનામાં વપરાયેલી રીક્ષા નારોલ વિસ્તારમાંથી ચોરી કરવામાં આવી હતી. તે જ રિક્ષામાં ચોરીને અંજામ અપાયો હતો.

બાદમાં ચોરીની રિક્ષાનો અકસ્માત થતાં એક આરોપીનો મૃત્યુ નીપજ્યું હતું. એટલે કે એક જ રાતમાં ત્રણ અલગ અલગ પોલીસ મથકમાં ત્રણ ગુના નોંધાયા હતા. જે ગુનામાં સંડોવાયેલ બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

એક જ રાતમાં ત્રણ બનાવો બનતા પોલીસની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે. કારણ કે નારોલથી ચોરી થયા બાદ રિક્ષા દરીયાપુર દાણીલીમડા અને વેજલપુર સહિતના વિસ્તારોમાં ફરી હતી. પરંતુ એક પણ જગ્યાએ પોલીસે તેની તપાસ કરી ન હતી. સાથે જ અકસ્માતનો બનાવ બન્યો હોવા છતાં ચોરીની રીક્ષા હોવાનું સામે નથી આવ્યું. ત્યારે ત્યારે સવાલ એ થાય કે શું ખરેખર શહેર પોલીસના હાથમાં સુરક્ષિત છે.



ભીના અને સૂકા કચરાંને અલગ કરવા બાબતે શહેરમાં ઘણો વિવાદ થયો છે. કચરો ઉપાડતી એજન્સીના માણસો અને વસાહતીઓ વચ્ચે ઘર્ષણના બનાવો પણ બન્યા છે. એજન્સીના માણસો હાલમાં કચરો ઉપાડે છે સાથો સાથ પ્લાસ્ટીકનો ભંગાર પણ એક અલગ કોથળામાં ભરીને લઈ જાય છે.

# ટેકાના ભાવે તુવેરની ખરીદી ૧૫ દિવસ લંબાવાઈ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સરકારે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે તુવેરની ખરીદીનો સમયગાળો ૧૫ દિવસ સુધી લંબાવી દીધો છે જેનો લાભ રાજ્યના અનેક ખેડૂતોને મળશે. અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૮૬૧૭ ખેડૂતો પાસેથી ૧૦૪ કરોડની ૧૬૪૮૦ મેટ્રીક ટન તુવેરની ખરીદી કરી. કૃષિ નિયામકે જણાવ્યું છે કે રાજ્યના કેટલાક વિસ્તારોમાં તુવેર પાકની થતી મોડી વાવણી અને કાપણીના કારણે નોંધાયેલ ખેડૂતો પૈકી કેટલાક ખેડૂતો પોતાની તુવેરનો પાક ટેકાના ભાવે વેચી શક્યા નથી તેથી ગુજરાત સરકારે કેન્દ્રમાં કરેલી દરખાસ્તને સ્વિકારવામાં આવી છે. આ દરખાસ્તના ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં ટેકાના ભાવે તુવેર ખરીદીનો સમયગાળો આગામી ૩૦મી મે સુધી લંબાવવામાં આવ્યો છે જેનો મહત્તમ લાભ ખેડૂતોને મળશે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં ભારત સરકાર દ્વારા તુવેર માટે ૬૩૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (જીજી) હેઠળ તુવેરની ટેકાના ભાવે ખરીદી અન્વયે કુલ ૧૮૫૩૫ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

રાજ્યમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી રાજ્ય નોડલ એજન્સી ગુજકોમાસોલ દ્વારા ૧૫મી ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી હતી.

# ધોળાકુવા સર્કલથી ઈન્ફોસીટીના ASIનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૧

શહેરના નાગરીકોના બાઈક સલામત રહ્યા નથી, નગરમાંથી આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. વાહનચોર બિન્દાસ્ત બની વાહનચોરી સિફતપૂર્વક નીકળી જાય છે. ત્યારે નાગરીકો તો ઠીક હવે પોલીસ જવાનના પણ બાઈક સલામત રહ્યા નથી. શહેરના ધોળાકુવા સર્કલ પાસેથી ઈન્ફોસીટીના એએસઆઈના પેશન પ્રો બાઈકની ઉઠાંતરી થઈ છે. ટ્રાફિક પોલીસની નજર સામેથી બાઈકની ચોરી કરી વાહનચોર પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૧ બ્લોક નં.૪૮-૨ છ ટાઈપ ખાતે રહેતા અને ઈન્ફોસીટી પોલીસ મથકની પીસીઆર વાનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા નટુભાઈ ચાવડા ગત તા.૧૪ ના રોજ સંબંધીના ઘરે અમદાવાદ જવાનું હોવાથી તેઓ પોતાનું બાઈક નં. જી.જે.૧૮.સી.જે.-૫૩૨૮ ધોળાકુવા સર્કલ ટ્રાફિક પોઈન્ટની ચોકી પાસે મુકીને ગયા હતા. અમદાવાદ થી બે દિવસ બાદ તા.૧૬ મીને સવારે ૮ કલાકે તેઓ બાઈક લેવા માટે ગયા હતા. પરંતુ ટ્રાફિક ચોકી પાસે પાર્ક કરેલુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી એએસઆઈએ આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી.

ટ્રાફિક પોલીસ અને ટીઆરબી જવાનોને પણ પુછપરછ કરી હતી. પરંતુ કોઈને બાઈક અંગે કંઈ ખબર ન હતી. જયારે કોઈ ભુલ થી બાઈક લઈ ગયું હશે તેમ સમજી એએસઆઈએ ફરીયાદ નોંધાવી ન હતી. ત્યારે ઈન્ફોસીટી પોલીસ મથકના એએસઆઈ નટુભાઈ ચાવડાએ ઈન્ફોસીટી પોલીસ મથકે જ બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. શહેરના પ્રવેશ દ્વાર સમાન ધોળાકુવા સર્કલ રાત દિવસ વાહનોની અવરજવરથી ધમધમતો હોય છે. તેમ છતા વાહનચોર કળા કરી ગયા તે વાત નવાઈ પમાડે છે.

### સુરતમાં પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રીની જાહેરાત

# પાર-તાપી રીવર લિન્ક પ્રોજેક્ટ રદ કરવા સરકારની જાહેરાત

## આ યોજના અંગે ભારે વિરોધ હતો અને તેના માટે લાંબો સમય સુધી રાજ્ય સરકાર સામે દેખાવો પણ થયા હતા

અમદાવાદ, તા.૨૧

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે પાર – તાપી રીવર લિંકિંગ પ્રોજેક્ટ રદ કરવાની જાહેરાત સુરત ખાતેથી કરી હતી. આ યોજના અંગે દક્ષીણ ગુજરાતમાં આદિવાસીઓનો ભારે વિરોધ હતો અને તેના માટે લાંબો સમય સુધી રાજ્ય સરકાર સામે દેખાવો પણ થયા હતા. આ યોજના રદ કરવાની જાહેરાત સુરત ખાતે એક પત્રકાર પરિષદમાં કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે કેન્દ્રની આ યોજના અંગે રાજ્ય સરકારે ક્યારેય મંજૂરી આપી હતી નહી. રાજ્ય સરકારની મંજૂરી વગર યોજનાનો અમલ પણ થવાનો હતો નહિ એટલે દરેક પ્રકારની ગેરસમજ દૂર કરવવામાં આવી રહી છે. રાજયના આદિવાસી ધારાસભ્યો, સાંસદો અને કેન્દ્રના ગૃહ મંત્રી અમિત શાહ અને નાણામંત્રી નિર્મલા સિતારામન સાથે મસલતો બાદ આ યોજના રદ કરવામાં આવી રહી છે. ચુટણી પહેલા સરકારને કોઈ વિરોધ પોસાય તેમ નથી. આ યોજના કેન્દ્ર સરકારે સ્થગિત કરી હતી. રાજ્ય સરકારે વિધાનસભામાં પણ યોજના આગળ નહી વધે એવી બાહેંધરી આપી હતી. આજે ખુદ મુખ્યમંત્રીએ સ્વીકાર્યુ હતું કે આ યોજના રાજ્ય સરકારે મંજૂર જ નથી કરી. જો, યોજના મંજૂર જ થઈ ન હોય તે રદ કેવી રીતે થઈ શકે એવા સવાલનો અત્યારે કોઈ જવાબ મળી રહ્યો નથી. આ યોજના અંગે શ્વેતપત્ર બહાર પાડવા માટે કોંગ્રેસ અને આદિવાસી સંગઠનોએ માંગ કરી હતી એ અંગે મુખ્યમંત્રી પટેલે જણાવ્યું હતું કે જયારે હવે યોજના રદ થઈ રહી છે ત્યારે શ્વેતપત્ર બહાર પાડવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. અગાઉ, ગુજરાતમાં જયારે વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે આદિવાસી પ્રજાનો વિરોધ જોતા રાજ્ય સરકારે ફેબ્રુઆરી મહિનામાં જ આ યોજના રદ કરવા માટે કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી. આ વિનંતીને ધ્યાનમાં લઈ માર્ચ મહિનામાં કેન્દીય મંત્રીમંડળે આ યોજના સ્થગિત રાખવાનો નિર્ણય લીધો હતો.

